## ચૂંટણી ચોતરેથી

● કોંગ્રેસની પ્રથમ યાદી ૧૬મીએ જાહેર થશે. જેમાં ૭૦ ઉમેદવારોના નામોની જાહેરાત કરાશે.

● ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં શુક્રવારે સૌરાષ્ટ્રના ઉમેદવારોનો નિર્ણય કરાયો.

● પાંચ દિવસ પહેલા કોંગ્રેસમાં જોડાનાર કોળી સમાજના આગેવાન રાજુ સોલંકી શુક્રવારે પુનઃ ભાજપમાં જોડાઈ ગયા છે.

● ઉત્તર ગુજરાતની ઉંઝા બેઠક પર આયાતી ઉમેદવાર ન મુકવા વરિષ્ઠ ધારાસભ્ય નારણભાઈ લલ્લુભાઈએ રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહને પત્ર લખી જાણ કરી છે.

● સુરતમાં દિવસ દરમિયાન અનેક સોસાયટીઓમાં ભાજપના મહાસંપર્ક અભિયાન દરમિયાન સુત્રોચ્ચાર કરી પાછા વળ્યા હતા.

●સુરતમાં એક ટીવી ચેનલના કાર્યક્રમમાં ભાજપ, કોંગ્રેસના કાર્યકરો સામ સામે આવી જતાં ખુરશીઓ ઉછળી હતી.

● પાસના નેતા હાર્દિક પટેલે જણાવ્યું હતું કે ચાર હજાર ગામોમાં ભાજપ માટે ૧૪૪મી કલમ જાહેર કરી છે અને ગામમાં પ્રવેશબંધીના બોર્ડ લગાવાયા છે.

● કેન્દ્રિય મંત્રી શ્રી જે.પી. નડ્ડા માણસા, શ્રી રામવિલાસ પાસવાન અમદાવાદ, શ્રી કૃષ્ણપાલ ગુર્જર આણંદ અને શ્રી કૃષ્ણરાજ રાજકોટમાં મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા.

● આવતીકાલે સંરક્ષણ મંત્રી સુશ્રી નિર્મલા સીતારામન અમદાવાદ અને કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાની નવસારી ખાતે મહાસંપર્ક અભિયાનમાં જોડાશે.

● નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે સરકારની ખેડૂતલક્ષી કામગીરીને આલેખતી પત્રિકાનું વિમોચન કર્યું હતું.

● રાજકોટમાં પાસના આગવાનોની કોંગ્રેસના ધારાસભ્યો સાથે સંયુકત બેઠક થઈ.

● વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનો વિવાદી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

● કોંગ્રેસના કેટલાક સીટીંગ ધારાસભ્યોની ટીકીટ કપાઈ રહ્યાની ચર્ચાઓ દિવસ દરમિયાન જોરશોરથી ચાલી હતી.

## કોંગ્રેસના સંભવિત ઉમેદવારો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય માહોલમાં ગરમાવો જોવામાં આવી રહ્યો છે. ત્યારે રાજ્યના મુખ્ય બે પક્ષમાના એક કોંગ્રેસની આજે નવી દિલ્હી ખાતે સીઈસીની બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાતની આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને યોજવામાં આવી હતી. આ બેઠકમાં ચૂંટણી વિશે ચર્ચા કરવામાં આવી હતી અને ઉમેદવારોની પ્રથમ યાદીને લઈને ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોને મળતી માહિતી મુજબ કોંગ્રેસ દ્વારા સંભવિત નામો ઉપર ચર્ચા કરવામાં આવી તે આ પ્રમાણે છે.

| | |
|---|---|
| તાલાલા | ભગાભાઈ બારડ |
| માણાવદર | જવાહર ચાવડા |
| વિસાવદર | હર્ષદ રિબડિયા |
| દસાડા | નૌશાદા સોલંકી |
| ઈડર | રામભાઈ સોલંકી |
| વડાગામ | મણીભાઈ વાઘેલા |
| કડી | રમેશભાઈ ચાવડા |
| ગાંધીધામ | કિશોર પિંગોલ |
| કાલાવાડ | પ્રવિણ મુછડિયા |
| રાજકોટ ગ્રામ્ય | સુરેશ મછવારા |
| કોડીનાર | બેનાબેન વાઢેર |
| અસારવા | રાજુભાઈ પરમાર |
| દાણીલીમડા | શૈલેષ પરમાર |
| વડોદરા સીટી | પિંકી સોલંકી |
| બારડોલી | તરુણ વાઘેલા |
| કપરાડા | જીતુભાઈ ચૌધરી |
| દ્વારકા | મેરામણ ગોરીયા |
| પોરંબદર | અર્જૂન મોઢવાડિયા |
| માંગરોળ | બાબુભાઈ વાજા |
| અમરેલી | પરેશ ધાનાણી |
| જસદણ | કુંવરજી બાવળીયા |
| ખંભાળીયા | મેગર ચાવડા |
| વ્યારા | પુનાભાઈ ગામીત |
| ઉના | પુંજાભાઈ વંશ |

# નીતિન પટેલના મત વિસ્તારમાં જ લાગ્યા બેનર ભાજપ માટે કલમ ૧૪૪




હાલમાં પાટીદારો સહિત દલિત સમાજ અને ઠાકોર સમાજે પરિવર્તન લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. ત્યારે ગુજરાતના ડેપ્યુટી સિ.એમ. નીતિન પટેલના મત વિસ્તારમાં જ ભાજપ માટે કલમ ૧૪૪ લગાવતા બેનર લાગી જતા હાલમાં રાજકારણ ગરમાયું છે.

મહેસાણા અત્યાર સુધીમાં અનામત આંદોલનનું હબ રહ્યું હતુ અને હવે ઠાકોર સમાજે પણ મહેસાણામાં ભાજપ સામે આવી છે તે જોતા હાલમાં ભાજપ માટે આવનાર ચૂંટણીમાં જીત લેવી નાકે દમ લાવવા બરોબર રહેશે. એક તરફ ડેપ્યુટી સિ.એમ. નીતિન પટેલ મહેસાણામાં ચૂંટણી લડવા મન મનાવી રહ્યા છે ત્યારે ભાજપ માટે આકરા પાણીએ ચડવાનો વારો આવ્યો છે. જેમાં મહેસાણાના જુદા જુદા વિસ્તાર જેવા કે તરેટી ગામ, મોઢેરા રોડ, નાગલપુર ગામ, રાધનપુર રોડ, સહિત પરા, વિસ્તારમાં આજ રીતે પાટીદારો સહિત ઠાકોર સમાજે બેનર લગાવીને ભાજપ માટે કલમ ૧૪૪ લાગુ કરી નાખી છે અને કહ્યું છે કે જય ભાવી અને ભાજપ જવાની... જે જોતા આગામી સમયમાં ભાજપના ગમે તે





ઉમેદવારને આ વિસ્તારમાં જીત લેવી ભારે પડે તેવી શક્યતા છે.

૪૦ થી વધુ ગામ ધરાવતા મહેસાણા મતવિસ્તારમાં હાલમાં ૪ થી વધુ ગામોમાં આ રીતે બેનર લગાડવામાં આવ્યા છે. જે જોતા આવનાર સમય નીતિન પટેલને મહેસાણામાં ભારે થવાની શક્યતા મહેસાણામાં જોવાઈ રહી છે. અને પાટીદારો બાદ ઠાકોર સમાજ પણ હવે ભાજપના રહ્યો નથી. તે મહેસાણાની વિધાનસભામાં જોઈ શકાય છે. જે જોતા ગુજરાતની ગાડી સહી રીતે જીતી શકાય તે પ્રશ્ન અહી ઉઠવા લાગ્યો છે. જ્યારે ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મહેસાણા સ્થાનિક તરેટી રામજીભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે ભાજપ સરકારે અત્યાર સુધીમાં દરેક લોક સાથે અન્યાય કર્યો છે અને આ વખતે વાતાવરણ કોંગ્રેસ તરફી બન્યુ છે. અમો આ અન્યાયની સામે કલમ ૧૪૪ લાગુ ભાજપ માટે લગાવી છે.

# સુરતમાં રાષ્ટ્રીય નેતાઓના ધામા

ભારતમાં ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા સામ પિત્રોડા આગામી અઠવાડિયામાં સુરતની મુલાકાતે આવી રહ્યાં છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રચાર માટે એક પછી એક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય નેતાઓને કોંગ્રેસ સુરતમાં ઉતારી રહી હોવાથી સુરતનું રાજકારણ ગરમાયું છે. અત્યાર સુધી કોંગ્રેસના હળવાશથી લેતા ભાજપના નેતાઓ પણ કોંગ્રેસની સ્ટ્રેટેજી જોઈને ડઘાઈ રહ્યાં છે.

સુરતમાં સામ પિત્રોડા ઉપરાંત રાજ્ય સભાની ચૂંટણીમાં મહત્વનો ભાગ ભજવનાર રણજીત સુરજેવાલ પણ આવતા અઠવાડિયે સુરતની મુલાકાતે આવી રહ્યાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની એક જ અઠવાડિયામાં બે દિવસ સુરતની મુલાકાત થતા ગુજરાતના રાજકારણમાં સુરત કેન્દ્ર બન્દુ બની



ગયું છે. સુરતમાં એક આખો દિવસ રાહુલ ગાંધી સામાન્ય લોકોને મળ્યા અને સાંજે વેપારીઓના સંવાદ બાદ ભાજપના નેતાઓની ઉંઘ ઉડી ગઈ છે. રાહુલ ગાંધીની સુરત મુલાકાત બાદ કોંગ્રેસ હવે સુરતમાં ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા સામ પિત્રોડાને ઉતારી રહી છે.


ટેલિકોમ ક્ષેત્રે સામ પિત્રોડાનું મહત્વને કોઈ પણ નકારી શકે તેમ ન હોવાથી કોંગ્રેસ હવે આવી સ્વચ્છ છબી ધરાવતા નેતાઓને ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા મેદાનમાં ઉતારી રહી છે.

૧૩ નવેમ્બરના રોજ સામ પિત્રોડા દિવસ દરમિયાન વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને એન.જી.ઓ.ના પ્રતિનિધિઓને મળશે. ત્યાર બાદ સાંજે તેઓ પત્રકાર પરિષદ સંબોધે તેવી પણ શક્યતા છે.

સામ પિત્રોડાની ૧૩ નવેમ્બરની મુલાકાત બાદ ૧૪ નવેમ્બરના રોજ અહેમદ પટેલ વિજયી થયાં તે રાજ્ય સભાની ચૂંટણીમાં સક્રિય ભાગ ભજવનારા કોંગ્રેસના રણજીત સુરજેવાલ પણ સુરત આવી રહ્યાં છે. એક પછી એક કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સુરતની મુલાકાતે આવતાં ભાજપના નેતાઓના ગઢમાં ગભરાટ ફેલાઈ રહ્યો છે.

# કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં જીએસટીનો મુદ્દો અગ્રેસર રહેશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર અનામત અંગે કોંગ્રેસ કદાચ કોઈ સ્પષ્ટ નીતિ જાહેર કરે કે ન કરે પણ સુરતના ઉદ્યોગોને નડતા મુદ્દાઓનો મેનીફેસ્ટોમાં ચોક્કસ સમાવેશ કરશે તેવા સંકેત દેખાઈ રહ્યાં છે.




ભાજપના નેતાઓ સુરતના ઉદ્યોગોને સાચવાવ માટે પ્રયાસ કરી રહ્યાં છે પરંતુ તે પહેલાં કોંગ્રસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની વેપારીઓ અને નાના ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથેની મુલાકાત બાદ કોંગ્રેસના ચૂંટણી મેનીફેસ્ટોમાં સુરતના મુદ્દા અગ્રેસર રહે તેવી અટકળ શરૂ થઈ ગઈ છે. મોદી સરકારે લાગુ કરેલું જી.એસ.ટી.ના કારણે નાના મોટો ઉદ્યોગોને મુશ્કેલી પડી રહી હોવાના મુદ્દાને કોંગ્રેસે પકડી લીધો છે. સુરતમાં જી.એસ.ટી.થી ત્રાસેલા ઉદ્યોગના પ્રતિનિધિઓની સીધી મુલાકાત કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કર્યા બાદ સુરતના વેપાર-ઉદ્યોગનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. આ સાથે ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત પણ માર્કેટના વેપારીઓને મળી ચુક્યા છે અને હવે ૧૩ નવેમ્બરે સામ પિત્રોડા સુરતના નાના મોટા બિઝનેસમેનને મળવા સાથે ચેમ્બરના પ્રતિનિધિઓને પણ મળશે. તેઓના પ્રશ્નો સાંભળીને તેમાંથી અનેક પ્રશ્નો કોંગ્રસના મેનફેસ્ટોમાં સમાવવમા આવશે તેવું કોંગ્રેસના સુત્રો જણાવી રહ્યાં છે. કોંગ્રેસના એક પછી એક રાષ્ટ્રીય નેતાઓ સુરતના ઉદ્યોગકારોને મળી તેમને નડતી મુશ્કેલી જાણી રહ્યાં હોવાથી કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં સુરતના ઉદ્યોગોને લગતા પ્રશ્નોના નિરાકરણ કરવા માટેના મુદ્દાનો મહત્તમ સમાવેશ થાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

## પાટીદારો માત્ર છેતરાયા નથી પણ ઘવાયા છે : હાર્દિક પટેલ

હાર્દિકે ભાજપ પર ટોણો મારીને કહ્યું છે કે, ૨૦૧૪ પહેલા બધા ભ્રષ્ટાચારી જેલમાં જતા હતા જ્યારે ૨૦૧૪ પછી બધા ભ્રષ્ટાચારી ભાજપમાં જાય છે. ખરેખર દેશ નહીં પણ નેતાઓ બદલાઈ રહ્યા છે. આ વાત કરવાની સાથે હાર્દિકે પાટીદારોને સમાજ પર અત્યાચાર કરનાર ભાજપને ફરીવાર લાવીને પાટીદાર શહીદોનું અપમાન નહીં કરવા આહવાન પણ કર્યું છે.

હાર્દિકે ભાજપ પ્રહાર ચાલુ રાખીને કહ્યું કે, જો એક જ વ્યક્તિથી બે વખત છેતરાઈએ તો તે આપણો જ વાંક ગણાય. પાટીદારો તો માત્ર છેતરાયા નથી ઘવાયા પણ છે. ભાજપ સરકારે પાટીદારોનો ઉપયોગ કરી પાટીદારને જ એના અધિકારથી દૂર રાખ્યો છે. પાટીદાર સમાજનું વિચારીને ભાજપને હટાવીને રહેજો તેવું આહવાન કર્યું છે.

## મહિલા CM પ્રત્યેક રાજ્યનું ગૌરવ બની શકે છે

## દેશના ઈતિહાસમાં ૧૬ મહિલા CMના દાખલા છે

### વિવિધ રાજ્યોમાં ૧૬ મહિલાઓએ આ પદને શોભાવ્યું છે

ગુજરાતમાં પહેલા મુખ્યમંત્રી તરીકેનું ગૌરવ ભાજપ લઈ શકે છે પરંતુ આ મહિલા મુખ્યમંત્રીને તેમનો ટેન્યોર પૂરો કરવા ન દીધો તેથી ભાજપ આ ગૌરવ લઈ શકતી નથી. આજે જો ભાજપ પાસે આનંદીબહેન પટેલ મુખ્યમંત્રી તરીકે ચાલુ રહ્યાં હોત તો ભાજપ મહિલા મુખ્યમંત્રીના દાવા પર ચૂંટણી લડવા તૈયાર થયું હોત..

**દિલ્હી અને યુપીમાં બે મહિલા મુખ્યમંત્રી બની છે**

આપણા ભારત દેશમાં જો કોઈનું વર્ષો જૂનું શાસન ઉથલાવવું હોય તો મહિલાને આગળ કરવી જોઈએ, કેમ કે એવા દાખલા છે કે મહિલાને આગળ કરતાં ભલભલું શાસન ઉથલી શકે છે. ગુજરાત કોંગ્રેસમાં જો સત્તા મેળવવાના ખ્વાબ હોય તો કોંગ્રેસે મુખ્યમંત્રીપદ માટે મહિલા ઉમેદવારની જાહેરાત કરવી જોઈએ. કોંગ્રેસના પ્રદેશ નેતાઓ પણ કહે છે કે મહિલા ઉમેદવાર હશે તો ગુજરાતની મહિલાઓના સહાનુભૂતિ મતો મળી શકે, જે પરિણામ પલટાવી શકે છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૧૬ મહિલાઓએ મુખ્યમંત્રી પદ શોભાવ્યું છે.

ભારતમાં ઈન્દિરા ગાંધી ચૂંટણી લડ્યા હતા ત્યારે એવું જોવામાં આવ્યું હતું કે ઈન્દિરાના નામ ઉપર મહિલાઓના ઢગલાબંધ મતો મળ્યા હતા. ઈન્દિરાને પ્રિયદર્શિની તરીકેની ઓળખ મળી હતી. સાથે સાથે વિશ્વમાં તેમની એવી છબી હતી કે- ઈન્ડિયા એટલે ઈન્દિરા અને ઈન્દિરા એટલે ઈન્ડિયા. એક જમાનો હતો. એવી છટા અને એવા રૂઆબ સાથેનો આપણને કોઈ વડાપ્રધાન મળ્યો નથી.

પશ્ચિમ બંગાળમાં ૩૪ વર્ષ જૂનું ડાબેરીઓનું શાસન બંગાળની વાઘણ કહેવાય છે તે મમતા બેનરજીએ ઉછલાવ્યું હતું. આજે પશ્ચિમ બંગાળમાં મમતાના નામની ધાક છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસના દિગ્વિજયસિંહનું શાસન ભાજપની ઉમા ભારતીએ ઉથલાવ્યું હતું. રાજસ્થાનમાં વસુંધરા રાજે એ કોંગ્રેસનું શાસન ઉથલાવ્યું છે. ઉત્તરપ્રદેશમાં માયાવતીએ શાસન બદલ્યું હતું. તામિલનાડુમાં જયલલિથાએ પુરૂષ મુખ્યમંત્રીને શરમાવે તેવું કામ કર્યું હતું. જો તેઓ હયાત હોત તો કોઈપણ પાર્ટી તેમને ઉથલાવી શકી ન હોત. દિલ્હીની રાજ્ય સરકારમાં શિલા દિક્ષિત સતત ત્રણ વખત મુખ્યમંત્રી બન્યા છે અને તેમની કામગીરીથી જ દિલ્હીને મેટ્રોરેલની ભેટ મળી છે.

જમ્મુ-કાશ્મિરના મુખ્યમંત્રીને ઉથલાવીને એક મહિલા મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તિએ સત્તાના સૂત્રો હાંસલ કર્યા છે. જો કે તેમને ભાજપનો સપોર્ટ લેવાની જરૂર પડી છે. ફારૂક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લાની સરકારને તેમણે ઉથલાવી છે. ભાજપના રાજકીય ઈતિહાસમાં જોઈએ તો સુચેતા ક્રિપલાણી, શશીકલા કાકોડકર અને નન્દીની સતપથી જેવી મજબૂત મહિલાઓ પણ મુખ્યમંત્રી બનેલાં છે. દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શિલા દિક્ષિતની જેમ સુષ્મા સ્વરાજ પણ મુખ્યમંત્રી બન્યા છે.

ઉત્તરપ્રદેશમાં એકલા ઉમા ભારતીએ શાસન કર્યું નથી. સુચેતા ક્રિપલાણી પણ મુખ્યમંત્રી રહ્યાં છે. નન્દીની ઓરિસ્સાના મુખ્યમંત્રી હતા. શશીકલા કાકોડકર એ ગોવાના મુખ્યમંત્રી હતા. સાયદા અનવર તિમુર આસામના મુખ્યમંત્રી હતા. જાનકી રામચંદ્રન પણ તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે રહી ચૂક્યાં છે. રાજીન્દર કૌર ભટ્ટાલ પણ પંજાબના મુખ્યમંત્રી રહી ચૂક્યાં છે. બિહારમાં લાલુપ્રસાદ યાદવના પત્નિ રાબડી દેવી પણ બિહારના મુખ્યમંત્રી પદે બિરાજમાન થયેલા છે.




ગુજરાતમાં પણ ૨૨ વર્ષ જૂની ભાજપની સરકારને બદલવી હોય તો કોંગ્રેસે મજબૂત અને શકિતશાળી મહિલાની શોધ કરવી જોઈએ અનેમજબૂત મહિલાને ચીફમિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે જાહેર કરવા જોઈએ. આવું જ ભારતમાં બની શકે- ૨૦૧૯માં એનડીએ સરકારને ઉછલાવવી હોય તો કોંગ્રેસે પ્રિયંકા ગાંધીને મેદાનમાં લાવવા જોઈએ. મહિલાની શક્તિનો અંદાજ મેળવવા માટે કોંગ્રેસે તેની વ્યૂહરચના ગુજરાતથી જ બદલવી જોઈએ.

કોઈએ ખૂબ કહ્યું છે કે – રાજકારણમાં સમયસરની નિવૃત્તિનો અભાવ હોય છે એટલે ૧૭ વર્ષે રાજકારણમાં જોડાયેલા ૭૭ વર્ષ સુધી પોતાનો પગંત ચગે એટલા માટે ઠમકા માર્યા કરે છે. આ લોકો

**ગુજરાતમાં કોંગ્રેસે આ સ્ટેટેજી બનાવવી જોઈએ**

એમ સમજતા નથી કે તેમનો સમય પૂરો થયો છે. હવેનો સમય તેમણે જે ઈમેજ બનાવી છે તેને કમાવી લેવાની છે. આવા નેતાઓ દિલ્હીમાં જ નથી, સર્વત્ર છે. ગુજરાતમાં પણ છે.

આજે ગુજરાતમાં પણ એવાં કેટલાક નેતાએ છે જેઓ ૭૫ પૂરાં કર્યા છે છતાં સીએમના સપનાં આવે છે.કહેવાય છે કે ભાજપમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાનના ઉમેદવાર ન બન્યા હોત તો વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ વડાપ્રધાનનું પદ શોભાવતા હોત સુષ્મા સ્વરાજ એ પ્રાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ હતા અને આજે પણ છે. તેમનામાં અટલ બિહારી વાજપેયીનો પડછાયો છે.







## ''વોટોત્સવ એન્થમ''નું કરાયું લોન્ચીંગ

''ભરી લે ઉંચી ઉડાન... રાખી લે આ વાતનું ધ્યાન.. લોકતંત્રના ઉત્સવને ઉજવીએ.. ભેગા મળીને કરીએ વોટોત્સવ...'' આ શબ્દો છે ''વોટોત્સવ એન્થમ''ના. ''મતદાન આપણો અધિકાર છે... મતદાન ચોક્કસ કરવું જ જોઈએ..'' આ થીમ સાથે ''વોટોત્સવ એન્થમ''નું લોંચીંગ કરાયું છે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી આગામી સમયમાં યોજાનાર છે. અમદાવાદ શહેર-જિલ્લામાં આગામી ૧૪મી ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભા-૨૦૧૭ની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલા જનજાગૃતિ કાર્યક્રમોના ભાગરૂપે આ ''વોટોત્સવ એન્થમ'' બનાવાયું છે. આ વોટોત્સવ એન્થમનું લોન્ચીંગ કરતા જિલ્લા કલેક્ટર શ્રીમતી અવંતિકા સિંગે જણાવ્યું હતું કે, મતદાન એ સૌનો અધિકાર છે અને પવિત્ર ફરજ પણ. મતદાનની આ પવિત્ર ફરજ અદા કરવા માટે સ્ત્રી, પુરુષ, યુવાનો, વરિષ્ઠ નાગરિકો તથા દિવ્યાંગજનો વધુમાં વધુ જોડાય અને મતદાન કરે તે જરૂરી છે. આ માટે જિલ્લા કલેક્ટરે સૌ નગરજનોને અપીલ કરી હતી. લોકોમાં મતદાન માટે વધુને વધુ જાગૃતિ આવે તે માટે તૈયાર કરાયેલા વોટોત્સવ એન્થમનું સીડી સ્વરૂપે લોન્ચિંગ કરતા શ્રીમતી અવંતિકા સિંગે જણાવ્યું હતું કે, આગામી ૧૪મી ડિસેમ્બરનાં રોજ યોજાનારા મતદાનનાં દિવસે અચૂક પણે મતદાન કરવા જઈ પોતાના મતાધિકારનો ચોક્કસ પણે ઉપયોગ કરવો જોઈએ. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજીસ્ટાર પિયુષ પટેલ, આર.જે. હર્ષલ, યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીઓ, વિદ્યાર્થી ભાઈ-બહેનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.